## 1. રંગભેદની નીતિ સામે દક્ષિણ આફ્રિકાનો સંઘર્ષ વર્ણવો.

- વિશ્વકક્ષાએ દક્ષિણ આફ્રિકા તેની રંગભેદની નીતિને કારણે વિશ્વ માં ચર્ચામાં રહ્યો હતો. દક્ષિણ આફ્રિકામાં 70% વસ્તી અશ્વેત (કાળી) પ્રજાની હતી. જયારે 12% વસ્તી ભારતીયો મને એશિયનોની હતી અને માત્ર 18% લોકો ગોરા હતા. જેના હાથમાં રાજયનું સંચાલન હતું. આફ્રિકાની બહુમતી પ્રજા (70 % હબસી) માટે માત્ર 7% વિસ્તાર વસવાટ માટે અલાયદો રાખવામાં આવતો હતો.
- આ વસવાટ ગોરાઓની વસાહતોથી દૂર રાખવામાં આવતો હતો. માત્ર પરવાનગી ધરાવતા અશ્વેત લોકો જ ગોરાઓના વસવાટમાં પ્રવેશી શકતા હતાં. રેલ્વે તેમજ બસમાં તેઓ માટે ગોરા લોકોથી અલગ વ્યવસ્થા રહેતી. હબસી (અશ્વેતો લોકોને કોઈ રાજનૈતિક અધિકારી ન હતા.
- 1948-54ના સમય ગાળામાં દક્ષિણ આફ્રિકાના વડાપ્રધાન ડેનિયલે મલાએ રંગભેદની નીતિને નાઝીવાદની પદ્ધતિને જેમ યાતનાસર બનાવી, આ સમયે જ ડચ ચર્ચાએ ગોરી પ્રજાને શ્રેષ્ઠ માનવામાં આવી. દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ સામે સમયે સમયે વિવિધ ક્રાંતિકારીઓએ પ્રયત્ન કરેલ છે. રંગભેદના સંઘર્ષ માં ગાંધીજીના આંદોલનથી પ્રેરાઈને આલ્બર્ટ લુથુલીએ સત્યાગ્રહનું આંદોલન શરૂ કર્યું.
- જે પાછળથી આફ્રિકન રાષ્ટ્રીય કોંગ્રેસે ઉપાડી લીધું. જેને કારણે દ. આફ્રિકનું શાસકોએ અશ્વેત લોકો પર દમન ગુજારવાન શરૂઆત કરી. 8000 લોકોને જાહેરમાં કોરડા મારવાની સજા કરી, બુથુલીને જેલ ભેગા કરવામાં આવ્યા અને ત્યાંજ તેઓનું અવસાન થયું. આ બનાવ સામે વિલમાં બ્લાઈડન નામના નાગરિકે 'આફ્રિકાઆફ્રિકનો માટે'ના સૂત્ર દ્વારા ક્રાંતિની જવાલા જે પ્રજવલીત કરી.
- 20મી સદીમાં રંગભેદને સમયથી પાછળનું વર્તન ગણવામાં આવ્યું હતું. સંયુક્ત રાષ્ટ્રએ દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિને કારણે તેને રાષ્ટ્રમંડળમાંથી બહાર કાઢી તેના પર આર્થિક પ્રતિબંધો મૂકી દીધા . રંગભેદ સામેના સંઘર્ષમાં પ્રથમ વખત રાજકીય સ્તરે સફળતા 1979માં પ્રાપ્ત થઈ. જયારે પ્રધાનમંત્રી પી. ડબલ્યુ બોથાએ રંગભેદની નીતિમાં સુધારો કરવાનો નિર્ણય કર્યો.
- આ સમયે હબસીનેતા આર્કબિશપ ડેસમંડ મપિલો ટુટુને વિશ્વશાંતિ માટે નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો. આ બંને ઘટનાઓએ અયોત લોકોમાં ઉત્સાહનો સંચાર કર્યો. 1989માં દેશમાં ચૂંટણી થતાં એફ. ડબલ્યુ.ટી. ક્લાર્ક રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા, તેઓએ ગોરા લો કોના વિરોધ છતાં નેલ્સન મંડેલાને 27 વર્ષ પછી જેલમાંથી મુક્ત કર્યા.
- 1994ની સામાન્ય ચૂંટણીમાં નેલ્સન મંડેલા રાષ્ટ્રપતિ બન્યો જેને કારણે દક્ષિણ આફ્રિકામાંથી રંગભેદ કાયમને માટે દૂર થયો. અશ્વેતો સમાનતાના ધોરણે પોતાનું જીવન ગૌરવપૂર્ણ રીતે જીવવા શક્તિમાન બન્યા. આમ એક સદીથી પણ વધુ સમયના મહાસંઘર્ષ પછી દક્ષિણ આફ્રિકામાં સમાનતા વ્યાપી અને વિશ્વમાંથી રંગભેદની નીતિનો પણ અંત આવ્યો.

## 2. બિનજોડાણવાદ વિગતે સમજાવો. અથવા બિન જોડાણવાદની નીતિ સમજાવો.

- બીજા વિશ્વ યુદ્ધ પછી અમેરિકા અને રશિયા વિશ્વની મહાસતા તરીકે ઉદય પામ્યા. આ બંને સતાઓ પોતાની વિચારસરણી ના ફેલાવો કરવા પ્રયત્નશીલ હતા. નાટા,સિયાટો, સેંટો અને વોર્મો કરારોએ વિશ્વ માં ઠંડા યુદ્ધની પરિસ્થિતિનું નિર્માણ કર્યું. આ સમયે એશિયા અને આફ્રિકાના દેશો માં સ્વતંત્રતાની લહેર જોવા મળી. આ દેશો મહાસત્તાઓ સાથે કરાર કરીને પુનઃગુલામી સ્વીકારવા તૈયાર ન હતા. તેઓએ અમેરિકા અને રશિયા એ બંને દેશો થી સરખું અંતર રાખવાની જે તટસ્થ નીતિ અપનાવી તેને " બિન જોડાણવાદી નીતિ" કહેવાય છે.

- બિન જોડાણવાદી નીતિના પ્રવર્તકો તરીકે ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ, ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુકર્ણો, યુગોસ્લાવિયાના માર્શલ ટીટીઓની ગણના થાય છે. યુગોસ્લાવિના બેલગ્રેડ શહેરમાં ‘‘બિન જો ડાણવાદી’’ દેશોની પ્રથમ શિખર પરિષદ યોજાઈ. બિનજો ડાણવાદી સંગઠન (NAM Non Alligned Movement) રચના કરવામાં આવી. દ્ગછસ્માં શરૂઆતમાં 25 સભ્યો હતો. આજે તેની સભ્ય સંખ્યા 114થી પણ વધુ છે. દ્ગછસ્નું 13 મું શિખરસંમેલન 2003માં મળ્યું હતું. વર્તમાન સમયમાં વિશ્વમાં શાંતિ જાળવવા માટે બિન જોડાણવાદી દેશોનો સિંહફાળો છે.

3. ઇઝરાયલની રચના વિશે માહિતી આપો.

- ઇઝરાયેલ દેશની રચના અનેક સંઘર્ષો , કાવા દાવા અને સાહસિક બલિદાનો દ્વારા અસ્તિત્વમાં આવેલો દેશ છે. પોતાની માતૃભૂમિ પરત મેળવવા માટેની હજારોઅબજો યહૂદીઓની સ્વપનોને મૂર્તિમંત કરતું સ્વરૂપ એટલે ઇઝરાયેલ.આજથી લગભગ 2000 વર્ષ પૂર્વ યહૂદીઓને પેલેસ્ટાઇનમાંથી હાંકી કાઢવામાં આવ્યા, યહૂદીખોએ યુરોપના અલગઅલગ દેશોમાં આશરો લીધો.
- જયાં અમાનુષ અત્યાચાર, હિંસા અને સામૂહિક હત્યાકાંડ જેવા ત્રાસ સહન કરવો પડ્યો. યહુદીઓ માટે સૌ પ્રથમ અલગ રાજય સ્થાપવાની ચળવળનો નેતા થિયોડોર હર્ઝલ હતો. વિશ્વના બધા યહૂદીઓએ તેના આ વિચારને વધાવી લીધો.
- તેણે સ્વિઝરલેન્ડના બેસલ શહેરમાં વિશ્વ યહૂદી સંગઠનની સ્થાપના કરી (1897), તેણે યહુદીઓને તેમની મુળ માતૃભૂમિ પરત મળી તે માટે બ્રિટન સાથે વાતચીતનો પ્રારંભ કર્યો. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તુર્કસ્થાને યહુદીઓ પરનાં નિયંત્રણો વધારે કડક બનાવ્યાં છતાં યહુદીઓની અલગ રાષ્ટ્રની માંગણી ચાલુ રહી.
- વિશ્વયુદ્ધમાં યહુદીઓનો ટેકો મેળવવા પેલેસ્ટાઈનમાં અલગ યહૂદી રાજ્યની સ્થાપના અને આ ચળવળને ટેકો મેળવવા પેલેસ્ટાઈનમાં અલગ યહૂદી રાજય ની સ્થાપના અને આ ચળવળ ને ટેકો જાહેર કરતાં યહૂદીઓ આ ક્ષેત્રમાં એકઠા થવા લાગ્યા (1917) ઇંગ્લેન્ડના વિદેશપ્રધાન બાલફરે બ્રિટિશ યહદીના નેતા રોકચાઇલ્ડ ને પત્ર લખ્યો. જે ’બાલ્ફર જાહેરનામા’ તરીકે ઓળખાય છે.
- સ્પષ્ટપણે પેલેસ્ટાઈનમાં યહૂદીઓની અલગ રાષ્ટ્રીય રહેઠાણની સ્થાપનાની તરફેણ કરાય. આજ અરસામાં અંગ્રેજ સેનાપતિ એલેનબીએ જેરૂસલેમના લેતાં પેલેસ્ટાઇનમાં અલગ યહૂદી રાજયની સ્થાપનાને બનાવવાની પ્રેરણા મળી. આથી ચારબો નિરાશ થયા.
- અંગ્રેજ એ તેમણે આશ્વાસન આપ્યું કે યહૂદીઓને પૂરેપૂરું પેલેસ્ટાઈન આપવામાં નહીં આવે. પરંતુ માં જાહેરાતથી યહૂદીઓને કે આરબોને સંતોષ ન થતા યહુદીઓ એ ઉગ્ર સંઘર્ષનો માર્ગ લીધો. હિટલરના અમાનુષી ત્રાસ થી યુરોપ માં વસતા યહૂદીઓ એ (1944 સુધીમાં) તો પેલેસ્ટાઇન માં ગેરકાયદેસર પ્રવેશ મેળવી લીધો હતો.
- બીજા વિશ્વયુદ્ધમાં વહુદીઓની ભારે કતલેઆમ થઈ લગભગ 60 લાખ યહૂદીઓને મારી નાખવામાં આવ્યા. યહુદીઓમાં ભય વ્યાપી ગયો અને તેમણે જાહેર કર્યું કે દ્વિતીય કક્ષાના નાગરિકો તરીકે તેઓ વર્ષો સુધી યુરોપમાં રહ્યા છે. તેઓ આ રીતે રહેવા માગતા નથી, ઘરબાર વગરના કેટલાય યહૂદીખોને પેલેસ્ટાઇનમાં વસાવવા યહૂદી સંસ્થાનોએ ઉગ્ર આંદોલનો કયાં, ત્યારે અમેરિકાના દબાણથી 1,00,000 યહૂદીઓને પેલેસ્ટાઇન મોકલવાનો ઇંગ્લેન્ડે વિરોધ કરતાં યહૂદીઓએ ત્રાસવાદી આંદોલનો શરૂ કર્યા. અંતે આરબો અને યહૂદીઓનો આ સ્ફોટક પ્રશ્ન યુ.એન.માં રજૂ થયો.

- યુ.એન ની ખાસ સમિતિએ સ્વતંત્ર યહૂદી રાજય અને સ્વતંત્ર આરબ રાજયની રચના કરી. આંતરરાષ્ટ્રીય હકૂમત હેઠળ મુકાયું. તેનો વહીવટ યહુદી અને આરબોએ સંયુક્તપણે કરવાનો હતો. યહુદીઓએ ભાગલાનો સ્વીકાર કર્યો. આરબોએ તેનો વિરોધ કર્યો. સ્થિતિમાં બ્રિટને (1948ની મે સુધીમાં) પેલેસ્ટાઇન છોડી જવાની જાહેરાત કરી, જે રૂસલેમમાંથી તાત્કાલિક પોતાના દળો પરત ખેંચ્યા.
- જાહેરાત મુજબ અંગ્રેછે પેલેસ્ટાઇન છોડી જતાં સ્વતંત્ર યહુદી રાજયની સ્થાપનાની (14મી મે, 1918) જાહેરાત કરવામાં આવી તેને ’ઇઝરાયલ’ એવું નામ અપાયું. પરંતુ તરત જ મિસર, સિરિયા, છે. ડેન, ઇરાક અને લેબેનોને મળી નવા ઇઝરાયલ પર આક્રમણ કરી દીધું. આરબો અને યહૂદીઓ વચ્ચે આ સમસ્યા બાબતે ઘર્ષણ ચાલુ જ છે.

4. ઠંડુ યુદ્ધ એટલે શું ? સમજાવો.

- દ્વિતીય વિશ્વયુદ્ધ પછી સમગ્ર વિશ્વ મૂડીવાદી અને સામ્યવાદી જૂથોમાં વહેંચાઈ ગયું. અમેરિકા અને રશિયાએ પોતાની તાકાતને મજબૂત બનાવવા માટે કેટલાંક લશ્કરી જૂથો રચ્યા, આ લશ્કરી જૂથોની શરૂઆત અમેરિકાએ કરી. અમેરિકાએ નાટો (NATO  North Atlantic Treaty Organization 1948)ની સ્થાપના કરી.
- અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, કેનેડા, બેલ્જિયમ, ડેનમાર્ક, ઇટાલી, લકઝેમબર્ગ, આઇસલેન્ડ, નોર્વે તેમજ પોર્ટુગલ જોડાયાં હતા. 1954માં અમેરિકા અને ઇંગ્લેન્ડે પૂર્વ એશિયાના રક્ષણ માટે સીયાટોની (SE ATO South East Asia Treaty Organization)ની રચના કરી. સીયાટો સામે સોવિયેટ રશિયાએ વોર્સોમાં સામ્યવાદી રાષ્ટ્રસમૂહનું એક સંમેલન બોલાવી સંરક્ષણ કરાર કર્યો જે “વાસ કરાર” તરીકે ઓળખાય છે. પોલેન્ડ, હંગેરી, રૂમાનિયા, આલ્બનિયા, પૂર્વ જર્મની, બૉરિયા અને ઝેકોસ્લોવાકિયા જેવા દેશો સામેલ થયા હતા.
- નાટો, સીવાદો અને વાસ કરારોએ વિશ્વની રાજકીય સ્થિતિમાં તંગદિલી ઊભી કરી. આ પરિસ્થિતિ એટલે “ઠંડા યુદ્ધ’ની સ્થિતિમાં ઈ.સ. 1959માં સોવિયટ રશિયાના ખૂણ્યવની અમેરિકાની મુલાકાત પછી ઠંડાયુદ્ધનો ધીરે ધીરે અંત આવવા લાગ્યો. સોવિયટ રશિયાનું વિસર્જન થતાં અમેરિકા અને રશિયા વચ્ચેની રૂપનો અંત આવતાં જ ઠંડાયુદ્ધની પરિસ્થિતિ સમાપ્ત થઈ.

5. દ્રીતીય વિશ્વ યુધ્ધ પછી રચાયેલા લશ્કરી જૂથોની માહિતી આપો.

- દ્રીતીય વિશ્વ યુદ્ધહધ પછી વિશ્વ ના દેશો એક ય બીજા સતા જૂથો સાથે જોડતા વિવિધ દેશો વચ્ચે અવિશ્વાસ નૂ વાતાવરણ સર્જાયું અને જેને પરિણામે કેટલાક લશ્કરી જૂથો રચાયા. જે પૈકી “નાટો”, “સિઆટો”, “વીસ” અને સેંટો મુખ્ય હતા.
- નાટો : સોવિયેત યુનિયન અને તેના સામ્યવાદને અંકુશીત રાખવા માટે અમેરિકાના નેતૃત્વ હેઠળ 1949માં ઉતર એલેંટિક મહાસાગર ના કિનારે આવેલા પશ્ચિમી લોકશાહી દેશોનું એક લશ્કરી સંગઠન રચવામાં આવ્યું.
- સિઓટો : (સાઉથ ઈસ્ટ એશિયાટિક ટ્રીટી ઓર્ગેનાઇજેશન) ઈંગ્લેન્ડ અને અમેરિકા એ દક્ષિણ પૂર્વ એશિયા નું “સામ્યવાદિ વિસ્તારવાદ” સામે રક્ષણ કરવા માટે ઇ.સ. 1954 માં “સિયાટો” નામના લશ્કરી જુથ ની રચના કરી.
- વોર્લો કરાર : નેતૃત્વ હેઠળ રચાયેલ ‘નોટો’ અને ‘સિઆટો’ લશ્કરી જુથ ના પ્રભાવને અટકાવવા સોવિયેત યુનિયન ને પોતાની આગેવાની હેઠળ આલ્બનિયા , બલ્બેરિયા, ઝેકોસ્લોવેકિયા, પૂર્વ જર્મન, હંગેરી, પૉલેન્ડ, રૂમનીયા, રશિયા દેશો નું લશ્કરી જુથ ની રચના કરાઇ કે જે “વોર્મો કરાર” લશ્કરી જુથ તરીકે ઓળખાયું.